જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/03/૨૦૨૦ રવિવાર

**<u>અમદાવાદ શહેર પોલીસ સમાચાર</u>**

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u>**

**<u>સમાચાર યાદી નં.૫૬૯/૨૦૨૦</u>**

## <u>વાહન ચોરીના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ડીસીપી ઝોન-૭ સ્કોડ</u>**

### <u>સરખેજ તથા વેજલપુર પો.સ્ટે. હદ વિસ્તારમાંથી ચોરી કરેલ 03 મો.સા. સાથે આરોપીને પકડી પાડતો ડીસીપી ઝોન-૭ સ્કોડ</u>

પોલીસ કમીશ્નર સાહેબશ્રી તથા સંયુકત પોલીસ કમીશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-7 સાહેબશ્રી નાઓની સુચનાથી વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ ચેઇન સ્નેચીગના બનતા બનાવો અટકાવવા તેમજ બનેલ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સારૂ આજ રોજ પો.સ.ઇ. વી.જે.જાડેજા તથા સાથેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઝોન-૭ વીસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના **<u>અ.લો.ર. રવિરાજસિંહ મહિપતસિંહ તથા અ.લો.ર. નાગરાજભાઇ અમકુભાઇ</u>** નાઓને સંયુકત રીતે ખાનગી બાતમીદારથી હકીકત મળેલ, જે આધારે આરોપીને ચોરાઉ 03 મો.સા. સાથે પકડી પાડી સદર આરોપીને આજ રોજ તા-૨૨/03/૨૦૨૦ ના કલાક- ૦૧/00 વાગ્યે CrPC કલમ-૪૧(૧)ડી મુજબ અટક કરી કુલ્લે કિં.રૂ.-૭૩,૦૦૦/- નો મુદ્દામાલ CrPC કલમ- ૧૦૨ મુજબ કબ્જે કરી સરખેજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.-03/૨૦૨૦ (૧૧૧૯૧૦૪૮૨૦૦૦૩૭/૨૦૨૦) ઇપીકો કલમ- ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.

**<u>આરોપી:</u>**

જોહીલ અજીતભાઈ અજમેરી ઉં.વ.- ૩૪ રહે.ગુલીસ્તાન સોસાયટી હોટેલ ટેલીફોન પાછળ,જુહાપુરા અમદાવાદ

**<u>મુદ્દામાલ:</u>**

(૧) હીરો હોન્ડા સ્પેલ્ડર પ્રો મો.સા. નં- GJ-01-SP-6131 નો જેની કિં.રૂ.-૨૦,૦૦૦/-
(૨) હીરો કંપનીનું સ્પ્લેંડર પ્લસ મો.સા. GJ-01-LW-5935 નું જેની કી.રૂ.- ૩૫,૦૦૦/-
(૩) હીરો હોન્ડા કંપનીનું પેશન પ્લસ GJ-01-MA-2570 નું જેની કી.રૂ.- ૧૮,૦૦૦/- નો મળી કુલ્લે કિં.રૂ.-૭૩,૦૦૦/- નો મુદ્દામાલ

**<u>આ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:</u>**

ડીસીપી ઝોન-૭ સ્કોડ અમદાવાદ શહેરના પો.સ.ઇ. વી.જે.જાડેજા તથા મ.સ.ઇ. મીલન એલ.રામાણી તથા મ.સ.ઇ. અજયકુમાર કનુજી તથા હે.કો. ગજેંદ્રસિંહ ઇશ્વરસિંહ તથા પો.કો. વિજયસિંહ હનુભા તથા પો.કો. હરપાલસિંહ વિક્રમસિંહ તથા પો.કો. મનુભાઇ વલુભાઇ તથા પો.કો. ભાનુભાઇ વજુભાઇ તથા પો.કો. અંજુમઅલી ઇસમઅલી તથા અ.લો.ર. રવિરાજસિંહ મહિપતસિંહ તથા અ.લો.ર. નાગરાજભાઇ અમકુભાઇ

# મોબાઇલ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## કાલુપુર પોલીસ સ્ટેશન

## કાલુપુર પોલીસ સ્ટેશનના મોબાઇલ ચોરીના ગુનાના આરોપીને પકડી ગુનો ડીટેક્ટ કરતી કાલુપુર પોલીસ

મે.પો.કમી.સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી અને મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ડી" ડીવીઝન સા.તથા કાલુપુર સિનીયર પોલીસ ઇન્સપેકટર આર.જી.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી અનડીટેક ગુન્હા શોધી કાઢવા સારૂ ઝવેરીવાડ પોલીસ ચોકી પો.સબ.ઇન્સ પી.એમ.ચૌધરી સાહેબ તથા અ.પો.કો પ્રવિણકુમાર ડાયાભાઇ બ.નં-૩૦૮૯ તથા પો.કો.નરેન્દ્રસિંહ ભિખુસિંહ બ.નં-૭૦૯૯ તથા અ.લો.ર.રાજેશકુમાર બાબુભાઇ બ.નં-૧૦૯૨ વિગેરે સ્ટાફના માણસો સાથે ઝવેરીવાડ પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક.૨૦/૧૦ વાગે કાલુપુર ઘી કાંટા ચાર રસ્તા પાસે આવતા સાથેના અ.પો.કો પ્રવિણકુમાર ડાયાભાઇ બનં-૩૦૮૯ તથા અ.લો.ર.રાજેશકુમાર બાબુભાઇ બ.નં-૧૦૯૨ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે કાલુપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૧૯/૨૦૧૯ ઇપીકો કલમ-૩૭૯(એ)(૩),૧૧૪,૪૧૧મુજબના ગુનાના કામે મોબાઇલ રીસીવર આરોપી સોહેલ સ/ઓ સફીભાઇ શેખ ઉ.વ.૨૬ રહેવાસી-મ.નં-૧૬૩૮/એ/૧ રૂસ્તમઅલીનો ઢાળ મિરઝાપુર અમદાવાદ શહેર નાઓને અટક કરી તેની પાસેથી MI રેડમી Y-2 કંપનીનો એનરોઇડ મોબાઇલ ફોન જેનો IMEI નં.867247046663158 તથા 867247046663166 નો છે જેની હાલની કિંમત આશરે ૬૦૦૦/-ની ગણી શકાય તેટલી મત્તાનો ચોરીનો મુદ્દામાલ અગાઉ કબ્જે કરવામાં આવેલ હતો બાદ સદર ગુનાના આરોપી મોહસીન સ/ઓ મેહબૂબ ઉર્ફે જોન્સન શેખ ઉ.વ-૨૩ ધંધો- નોકરી રહેવાસી-મ.નં-૧૫૮૧ લલ્લુ રાવજીનો વંડો અલ્કા વેલ્ડીંગ ની ઉપર ત્રણ ખુણીયા બગીચા મિરઝાપુર અમદાવાદ શહેર નાને ઉપરોક્ત ગુનાના કામે તા-૨૦/૦૩/૨૦૨૦ ના કલાક ૨૦/૧૦ વાગે પકડી પાડી સારી કામગીરી કરવામાં આવેલ છે.તા.૨૧/૦૩/૨૦૨૦



## એન.ડી.પી.એસ. ના ગુનાના કામના નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

### કાગડાપીઠ પોલીસ સ્ટેશન

## કાગડાપીઠ પો.સ્ટે એન.ડી.પી.એસ. ના ગુનાના કામના નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ.

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર -૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી યુ.ડી.જાડેજા નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન પો.સબ.ઈન્સ.પી.કે.ગોહીલ તથા પો.કો.સરદારસિહ મહિપતસિહ તથા પો.કો.દિનેશકુમાર ભીમશીભાઈ તથા પો.કો.વિરેંદ્રસિહ જશુભા નાઓને સયુક્ત બાતમી હકિકત મળેલ કે,"કાગડાપીઠ પો.સ્ટે ગુ.ર.નં-૧૦૯/૨૦૨૦ ધી. એન.ડી.પી.એસ.એકટ ૧૯૮૫ ની કલમ ૮(સી),૨૧(સી),૨૯ મુજબ ના ગુનાના કામનો વોન્ટેડ આરોપી ભરત ચૌધરી નાનો પોતાના કબ્જાની ઓરેંન્જ કલરની નંબર વગર ની કીયા સેલ્ટોસ ગાડી લઈ બહેરામપુરા પોલીસ ચોકીના પાછળ ના રોડ પરથી ચલાવી લાવી પસાર થનાર છે." જે આધારે આરોપી નામે ભરત S/O પુખરાજજી વનારામાજી જાતે ચૌધરી ઉ.વ.૩૧ રહે,મ.ન.૧૮ કૃષ્ણકુંજ સોસાયટી ગોવિંદવાડી ચાર રસ્તા પાસે ઈસનપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ-ભાદરાસ તા-દેસુરી પોસ્ટ– સાદડી જી-પાલી (રાજસ્થાન) નાઓને તા-૧૮/03/૨૦૨૦ ના કલાક ૨૨/00 વાગે પકડી સદરી આરોપી પાસેથી રોકડા રુપિયા ૬૬30/- તથા મોબાઈલ ફોન નંગ- 3 ની કિ.રૂ.૧૩૫00/- તથા એક ફોર વ્હીલ ગાડી કિ.રૂ.૧3,00000/- તથા એક આધાર કાર્ડ જેની કિ.રુ.00/00 તથા અલગ અલગ બેંકના બે ATM કાર્ડ જેની કિ.રુ.00/00 તથા ગાડીની ચાવી કિ.રુ.00/00 ગણી કુલ્લે રૂ,૧૩,૨૦,૧૩0/- નો મુદામાલ મળી પકડી અટક કરી સદરી આરોપીને કોર્ટ માં રજુ કરી તા ૨૭/03/૨૦૨૦ ના રોજ સુધીના રિમાંડ મેળવી સારી કામગીરી કરેલ છે.



# રાયોટીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન

## રાયોટીંગના ગુનામા જામીન મેળવી અવાર-નવાર મુદ્દતે કોર્ટમાં હાજર નહિ રહેતા નામદાર કોર્ટે ઇસ્યુ કરેલ પકડ વોરન્ટના આરોપી હાર્દીક ભરતભાઇ પટેલ નાઓને પકડી નામદાર કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે દિન-૧૫ની જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ

રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૭૪/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૧૪૩, ૧૪૭,૧૨૦(બી) મુજબના ગુનાના કામના આરોપી હાર્દીક ભરતભાઇ પટેલ રહે. સી/૪૧ સત્યમ બંગલોઝ સાયન્સ સીટી સોલા રોડ અમદાવાદ હાલ રહે. સ્પર્શ રેસેડેન્સી દંતાલી ગામ તા.કલોલ જી. ગાંધેનગર નાને ગુનાના કામે અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે આરોપીને શરતી જામીન ઉપર મુકત કરવામાં આવેલ ત્યારબાદ નામદાર કોર્ટમાં કેસ ચાલેથી આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટે અવાર –નવાર સમન્સ કાઢતા આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેલ નહિ જેથી એડી.ચેફ.મેટ્રો.મેજે.કોર્ટ નં-૧૦ ઘી-કાંટા અમદાવાદ નાઓએ આરોપી વિરૂધ્ધ સી.સી.નં.૭૫૯૬૩/૧૭ થી ધરપકડ વોરન્ટ નંબર કાઢેલ હોય ઉપરોકત આરોપી ટંકારા કોર્ટ મોરબી ખાતે હાજર થયેલ હોય જે બાબતે ટંકારા પોલીસ સ્ટેશન તરફથી વર્ધી મળતા આરોપીનો કબ્જો મેળવી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે લાવી ઉપરોકત વોરન્ટ આધારે અટક કરી નામદાર એડી.ચેફ.મેટ્રો.મેજે.કોર્ટ નં-૧૦ ઘી-કાંટા અમદાવાદ ખાતે રજુ કરતા એ.પી.પી.શ્રી નાઓ મારફતે અમોએ નામદાર કોર્ટમાં આરોપી પોતાનુ સરનામુ અવાર નવાર બદલે છે કોઇ ચોક્કસ સરનામુ બતાવતા નથી તેમજ નામદાર કોર્ટની જામીની શરતો નો ભંગ કરી સાચા ખોટા કારણો રજુ કરી કાયદાની છટકબારીનો ઉપયોગ કરી નામદાર કોર્ટમાં હાજર નહી રહેવાની ટેવવાળા હોય તેવી રજુઆત કરતા નામદાર કોર્ટે રજુઆત ગ્રાહ્ય રાખી આરોપીના વકિલશ્રીને આરોપીનુ ચોક્કસ સરનામુ આપવા ટકોર કરેલ તેમજ આરોપીને દિન-૧૫ માટે જ્યુડેશીયલ કસ્ટડીમાં રાખવા હુકમ કરતા આરોપીને સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૧/03/૨૦૨૦

# <u>પ્રોહી.ના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>કાગડાપીઠ પોલીસ સ્ટેશન</u>

## <u>વગર પાસ પરમીટે વિદેશી દારુનો જથ્થો ફ્રુટી જેવા પાઉચમાં રાખી વેચાણ કરતા ઇસમને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ.</u>

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર -૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી યુ.ડી.જાડેજા નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા- ૧૯/03/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.પી.કે.ગોહીલ તથા બિજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા–ફરતા કલાક ૨૦/૪૫ વાગે. સારંગપુર સર્કલ જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.રવિરાજસિહ ચતુરસિહ તથા પો.કો.દિગ્વીજયસિહ ધનશ્યામસિહ નાઓને સયુક્ત બાતમી હકીકત મળેલ કે"એક ઈસમ જેણે શરીરે પોપટી કલરનું શર્ટ તથા વાદળી કલરનું પેન્ટ પહરેલ છે તે પોતાની પાસે બે થેલામાં ગેરકાયદસર રીતે વિદેશીદારુ રાખી લઈ આવી અત્રેથી પસાર થનાર છે." આધારે આરોપી નામે પંકજ S/O જગદીશભાઈ ગ્યાનીરામ કુશવાહ (રાજપુત) ઉ.વ.૩૬ રહેવાસી,મ.ન.૬૬ જી.આઈ.ડી.સી.હાઉસીંગ ના મકાનમાં ઓઢવ પોલીસ સ્ટેશન ની પાસે ઓઢવ અમદાવાદ શહેર નાઓ પાસેથી વિદેશી દારુ ભરેલ પાઉચ નંગ-૬૬ કિં.રૂ.૬૬00/- ની મતાનો મુદ્દામાલ પક્ડી સારી કામગીરી કરેલ છે.



## કાગડાપીઠ પોલીસ સ્ટેશન

## વગર પાસ પરમીટે વિદેશી દારુનો જથ્થો રાખી વેચાણ કરતા ઇસમને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ.

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર -૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી યુ.ડી.જાડેજા નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા- ૧૮/૦૩/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.પી.કે.ગોહીલ તથા બિજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા–ફરતા કલાક ૦૧/૩૦ વાગે. સારંગપુર સર્કલ જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.રઘુભાઈ વિરજીભાઈ તથા પો.કો.રાજેંદ્રસિહ ભાવસિહ નાઓને સયુક્ત બાતમી હકીકત મળેલ કે"લીયાકત ઉર્ફે બોબી પઠાણ જેન્તીલાલ ની ચાલી સારંગપુર અમદાવાદ નાનો પોતાના ઘરની આગળ વિમલના થેલાઓમાં કેટલોક ગેરકાયદેસર નો વિદેશી દારૂનો જથ્થો લાવી વેચાણ કરે છે." આધારે આરોપી નામે લીયાકતઅલી ઉર્ફે બોબી S/O અહેમદઅલી જમીયતખાન પઠાણ ઉ.વ.૪૬ રહેવાસી મ.ન.૭૪૯/૧ જેન્તીલાલની ચાલી,ત્રણ દેવડી મંદિર ની પાસે મ્યુ.સ્કુલ ની બાજુમાં સારંગપુર અમદાવાદ શહેર નાઓ પાસેથી વિદેશી દારુ ની કુલ્લે નંગ-૬૦ બોટલ કિં.રૂ.૨૭,૦૦૦/- ની મતાનો મુદ્દામાલ પક્ડી સારી કામગીરી કરેલ છે.



## શાહીબાગ પોલીસ સ્ટેશન

## બકરા ચોરીના આરોપીઓને પકડતી શાહીબાગ પોલીસ

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.અધિ.પો.કમિ.શ્રી, સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અધિક ના.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ ના માર્ગદર્શન હેઠળ સિનિયર પો.ઈન્સ. શ્રી એ.કે.પટેલ સાહેબની સુચના મુજબ અસારવા પોલીસ ચોકી પો.સ.ઇ. વી.બી.ગોહીલ તથા સ્ટાફના મ.સ.ઇ ઇક્ષ્વરભાઇ જીવાભાઇ બ.ન ૮૧૦૬ તથા પો.કો જયપાલસિહ અમરસિહ બ.ન ૧૧૮૨૨ તથા એલ.આર સુમીતકુમાર નારણભાઇ બ.ન ૧૨૧૩ નાઓની ટીમ બાનાવી અસારવા બીજ નીચે બનેલ ગુના અનુસધાને પ્રેમ-દરવાજાના સી.સી.ટી.વી કેમેરા તથા કાલુપુર ના સી.સી.ટી.વી કેમેરા તથા અલગ-અલગ જગ્યાઓના કેમેરા ચેક કરતાં એક સીલ્વર કલરની ઇકો ગાડી નો નંબર GJ-04-DA-5026 નો મળી આવતાં જેનુ નામ-સરનામુ મેળવતા નામે આરોપી (૧) મુદ્દસર સ/ઓ દાદુભાઇ જાતે- કુરેશી(મુસલમાન)ઉ.વ-૩૨ધંધો- ડ્રાઇવીંગ રહે- અલકા સિનેમા રોડ પટેલ બોડીની સામે રાબીયાબેનનો ડેલો ભાવનગર તથા (૨) ફારુક સ/ઓ દિલાવર જાતે- શેખ(મુસલમાન) ઉ.વ- ૩૦ ધંધો-ગેરેજ રહે- કુરેશી મેલ્લો બાબુલીચોક ધોળકા નાઓને ઉપરોકત નંબર વાળી ઇકો ગાડી જેની કિંમત રૂ. ૩૦,૦૦૦૦/-ગણી શકાય તે પંચનામા વિગતે કબ્જે કરી ઉપરોક્ત બંન્ને ઈસમોને શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.-: ૧૧૧૯૧૦૩૧૨૦૦૦૬૭/૨૦૨૦ ધી ઈ.પી.કો.કલમ-૩૭૯,૧૧૪ મુજબના ગુના કામે તા.૧૩/૦૩/૨૦૨૦ ના કલાક: ૧૭/૦૦ વાગે અટક કરી ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.



## ગુના નિવારણ શાખા

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૨૧.૦૩.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કત સબંધીÊ શરીર સબંધીÊ પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના રખીયાલ તથા સરદારનગર તથા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોએ જાહેર રોડ ઉપર તથા પાર્કીગમા પાર્ક કરેલ મો.સા.ડાયરેકટ કરી ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે તેજસ વિજયભાઈ ગોવાજી ઠાકોર રહેવાસી- દાઁતા ઠાકોરવાસ તા.દાંતા જિ.બનાસકાંઠા મુળ રહેવાસી- ગામ ભેસાણ તા.જિ.પાટણ તથા મ.ન.૭૦૬ ઈન્દીરાનગર વિભાગ-૨ લાઁભા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | તેજસ વિજયભાઈ ગોવાજી ઠાકોર રહેવાસી- દાઁતા ઠાકોરવાસ તા.દાંતા જિ.બનાસકાંઠા મુળ રહેવાસી- ગામ ભેસાણ તા.જિ.પાટણ તથા મ.ન.૭૦૬ ઈન્દીરાનગર વિભાગ-૨ લાઁભા અમદાવાદ |

અમદાવાદ શહેરના ઓઢવ તથા મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મો.સા.ઉપર આવી લોકોના હાથમાથી મો.ફોન ઝુટવી ચીલઝડપ કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે શાહજમાલ અબુબકર અંજીરભાઈ શેખ રહેવાસી- ખેતરશાહ બાબાની ચાલી સેન્ટ જોસેફ હાઈસ્કુલની પાછળ રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | શાહજમાલ અબુબકર અંજીરભાઈ શેખ રહેવાસી- ખેતરશાહ બાબાની ચાલી સેન્ટ જોસેફ હાઈસ્કુલની પાછળ રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર |

અમદાવાદ શહેરના વાસણા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી ગડદાપાટુનો માર મારી પાવડાના હાથા વડે માથામા ઈજા કરનાર માથાભારે અને ઝનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે સુરેશભાઈ નાનજીભાઈ હીરાજી રાઠોડ (મારવાડી) રહેવાસી- ગલી ન.૧ સોરાઈનગર સોમાભાઈના બઁગલાની લાઈનમા વાસણા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સુરેશભાઈ નાનજીભાઈ હીરાજી રાઠોડ (મારવાડી) રહેવાસી- ગલી ન.૧ સોરાઈનગર સોમાભાઈના બઁગલાની લાઈનમા વાસણા અમદાવાદ |

આ ઉપરાંત મિલ્કત સબંધી,પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૮ ઇસમો મળી **કુલ્લે ૧૧ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, ભુજ, રાજકોટ વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૫૭૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૯ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૨,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૫૭૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૭ વ્યક્તિઓની તથા પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૫૭૨/૨૦૨૦**

**સેટેલાઈટ:** સેજલબહેન અંજુમનભાઇ દેસાઇ (ઉ.વ.૨૬) (રહે. આઝાદ એપાર્ટમેન્ટ વિભાગ-૨ હિમતલાલ પાર્ક પાસે આંબાવાડી) એ તા.૨૧/03/૨૦૨૦ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૧/૨૦૨૦ સવારના ૯/૩૫ થી ૯/૪૭ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૯૯૯૬૨૭૬૮૭૬ ના ધારકે એનએલએક્સ ઉપર વર્લપુલ કંપનીનુ રેફ્રિજરેટર વેચવા મુકેલ તે ખરીદવા સેજલબહેને સંપર્ક કરી ખરીદ કરવા સારૂ વાત કરતા ફોન પે મારફતે પૈસાની ચુકવણી કરવાનુ જણાવી નાણા અંગેની ડેબીટ લિંક માહીતી આપતા રૂપિયા ૯૯,૦૦૦/- ઓનલાઇન ટ્રાંઝેક્શન કરી વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.ડી.દરજી ચલાવે છે.

**વસ્ત્રાપુર:** ઉષાબહેન તે દીલીપભાઇ શાહની વિધવા પત્ની (ઉ.વ.૭૨) (રહે. આઇ/૧૦૩ શ્યામ એપાર્ટમેન્ટ નહેરુપાર્ક બાલાજી કોમ્પલેક્ષની બાજુમા વસ્ત્રાપુર) તા.૦૫/03/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર કુવારા સર્કલ ખાતે આવેલ એસબીઆઈ બેંકના એટીએમ ખાતે ગયા હતા ત્યારે અજાણ્યા પુરૂષે મદદ કરવાનુ કહી ઉષાબહેનનુ એટીએમ કાર્ડ બદલી લઈ ખાતામાંથી રૂપિયા ૨૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ ઉષાબહેને તા.૨૧/03/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હીરેનભાઇ જેરામભાઇ ચલાવે છે.

**માધવપુરાઃ** મનાલીબેન રાજેશભાઇ શેઠ (ઉ.વ.૩૩) (રહે.માકુભાઇ શેઠનો બંગ્લો શાહપુર બહાઇ સેન્ટર શાહપુર) એ તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૦ થી તા.૦૭/૦૩/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દિપેન પટેલ જે.જે.એન્ટર પ્રાઇઝના માણસ મો.નં. ૯૭૨૪૪૮૨૨૨૫ (૨) દીપ ટ્રેડીંગ કંપનીના યુકો બેંક નાના ચિલોડા ગાંધીનગર ખાતે આવેલ ખાતા નં. ૨૪૧૩૦૨૧૦૦૦૦૭૧૭ ના ધારક તથા (૩) ઇ/૫૦૩, દિલ્લી દરવાજા બહાર બી.જી.ટાવર ખાતે આવેલ પી.વિજયકુમાર આંગડીયા પેઢીના માણસ અતુલભાઇ મો.નં.૯૫૧૦૩૬૦૩૭૩ નાઓએ ભેગા મળી મનાલીબહેનેને વિશ્વાસમાં લઈ, મનાલીબહેને દિપેન પટેલ પાસેથી ૨,૦૦,૦૦૦ નંગ માસ્કના રૂપિયા ૨૫,૦૦,૦૦૦ નક્કી કરી જે પૈકી મનાલીબહેને રોકડ રૂપિયા ૧૭,૫૦,૦૦૦/- અતુલભાઇ પાસે સીકયુરીટી ડિપોઝીટ પેટે જમા કરાવેલ અને તે પેટે મનાલીબહેને પૈસા જમા કર્યા અંગેની કાચી પહોચનો ફોટો આપેલ અને દિપેન પટેલ સાથે વાતચીત કરતા દિપેન પટેલે જણાવેલ કે તમારો માલ લઇને અમારી ગાડી નીકળી ગયેલ છે અને રાત્રીના નવેક વાગ્યા સુધી તમારો માલ પહોચી જશે પરંતુ રાત્રે મોડા સુધી માલ નહી આવતા મનાલીબહેને દિપેન પટેલ નાઓ સાથે ફોન ઉપર વાત કરતા તેઓએ જણાવેલ કે રસ્તામા રાત્રે વરસાદમા માલ પલળી ગયેલ હોવાથી માલ તમને આવતીકાલે મળી જશે. ત્યારબાદ બીજા દિવસે તા.૦૬/૦૩/૨૦૨૦ ના રોજ દિપેન પટેલનો ફોન આવેલ અને જણાવેલ કે મટીરીયલની સોર્ટેજ છે તો તમો બાકીનુ પેમેન્ટ ચુકતે કરી આપો તો તમોને માલ જલદી તૈયાર કરી મોકલી આપુ તેમ જણાવતા મનાલીબહેને જણાવેલ કે મારી પાસે રોકડમાં રૂપિયા નથી તેથી બેંક એકાઉન્ટ નંબર આપો તો તે ખાતામા પૈસા ટ્રાન્સફર કરી આપુ તેમ કહેતા દિપેન પટેલે નાના ચિલોડા યુકો બેંક ગાંધીનગર ખાતે આવેલ ખાતા નં.૨૪૧૩૦૨૧૦૦૦૦૭૧૭ આપી દિપ ટેડીંગ કંપનીનો એકાઉન્ટ છે તેમ જણાવતા મનાલીબહેને બાકીના રૂપિયા ૭,૫૦,૦૦૦/- પોતાના બેંક ખાતામાંથી ટ્રાન્સફર કરી આપેલ છતા માલ નહી મળતા તેઓના મોબાઇલ નંબર પર સંપર્ક કરતા મોબાઇલ ફોન બંધ કરી કુલ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મેળવી લઈ માસ્ક નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૭૩/૨૦૨૦**

**કારંજઃ** સબ્બીર અબ્દુલતૈયબ રંગવાલા (રહે. સિલ્વર પેલેસ ખાનપુર દરવાજા પાસે ખાનપુર) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૦ રાતના ૯/૩૦ થી તા.૨૧/૦૩/૨૦ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાનકોરનાકા રમકડા બજારમાં આવેલ દુકાન નં.૧૧૮૨ “કુતબી આયર્ન એન્ડ સ્કેલ માર્ટ” નામની દુકાનના છતનુ પતરૂ કાપી અજાણી વ્યક્તિ દુકાનમા પ્રવેશ કરી રોકડ રૂપિયા ૨,૭૫,૦૦૦/- તથા મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦/-, તેમજ સાહેદ નાઓની દુકાન નં-૧૧૮૪ ચીમનલાલ શંકરલાલ શાહ નામની દુકાનના છતનુ પતરૂ કાપી ૪૦ કિલોના બ્રાસના વોસર સાથેના નટ બોલ્ટ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૦૫,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.તળપદા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૪/૨૦૨૦</u>**

**દાણીલીમડાઃ** મોહંમદસફી રહીમભાઇ શેખ (ઉ.વ.૫૦) (રહે.પેટલાદવાળી ચાલી ગલી નંબર-૦૩ રામરહીમનો ટેકરો બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૦ સાજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં નાઇલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભુપેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

**નારોલઃ** પ્રતિકસિંહ રાજેન્દ્રસિંહ યાદવ (ઉ.વ.૩૩) (રહે. નંદનવન હાઇટ્સ આકૃતિ ટાઉન શીપની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકરભાઇ ભેમાભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** ચિંતનકુમાર પ્રવિણભાઈ રોહીત (ઉ.વ.૨૩) (રહે. શક્તિકૃષ્ણા નિવાસ ઈન્ડીયા કોલોની રોડ બાપુનગર) એ નોકરી નહી મળતા મનમાં લાગી આવતા તા.૦૬/૦૩/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને ધનવંતરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૦૩/૨૦૨૦ બપોરના સમયે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિહ અર્જુનસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી